# આગામી ૩જી સુધી દિવસે ગરમી અને રાત્રે ઠંડી અનુભવાશે

**રવિ સીઝનની વાવણી મોડી થશે, મહત્તમ તાપમાન ૩૪-૩૫ ડિગ્રી સે. રહેવાનું પૂર્વાનુમાન**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં આગામી ૩ નવેમ્બર સુધી લોકોને બેવડી ઋતુની અનુભૂતિ થશે. દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર દ્વારા હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટિનના અંક નં. ૬૧માં શક્યતાઓ વ્યક્ત કરાઈ છે.

આ બુલેટિનમાં જણાવ્યા પ્રમાણે ૩૦ ઓક્ટો.થી ૩જી નવેમ્બર દરમ્યાન આકાશ મોટા ભાગે ચોખ્ખુ રહેશે. વરસાદ પડવાની શક્યતા નથી. મહત્તમ તાપમાન ૩૪-૩૫ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૮ થી ૨૦ ડિગ્રી સે. રહેવા સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૧૭થી ૩૯ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે.

પવનની સરેરાશ ગતિ ૬ થી ૧૧ કિ.મી. પ્રતિ કલાક રહેવા શક્યતા છે. ખેડૂતોને રવિ સીઝન માટે રાઈ, વરિયાળી, બટાટા, જીરૂ, ઘઉં અને ચણાના વાવેતરનું આયોજન કરવાની સલાહ આપવામાં આવી છે.

જિલ્લામાં હજુ રવિ સીઝનની વાવણીનો આરંભ થયો નથી. દિવસે ગરમી અને રાત્રે જે ઠંડક પ્રસરે છે તેથી ખેડૂતો હજુ વાવણીને લઈ દ્વિધામાં છે. જિલ્લામાં રવિ સીઝનની વાવણી ૧૫ દિવસથી પણ વધુ સમય માટે મોડી પડવાની સંભાવનાઓ ખેડૂતો સાથેની ચર્ચા દરમ્યાન વ્યક્ત થતી સાંભળવા મળી છે.

જિલ્લામાં આ વખતે પાણીની પણ ઘટ રહેશે કારણ કે ૨૯ ટકા જેટલી વરસાદની ઘટ છે અને જિલ્લામાં ભૂગર્ભ જે રીતે રિચાર્જ થતા હોય છે તેટલા પ્રમાણમાં થયા નથી તેનો સીધુ પ્રતિબિંબ રવિ સીઝનના વાવેતરમાં જોવા મળશે. જિલ્લામાં ૭૦ હજાર હેક્ટરમાં સરેરાશ રવિ સીઝનનું વાવેતર થતુ હોય છે.

# જિલ્લામાં ગામતળ નીમ કરવાની કામગીરી માટે તંત્ર દ્વારા હાથ ધરાયેલી કવાયત

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં ૪૦ થી વધુ ગામોમાં ગામતળ નહિ હોવાથી આ અંગે ગામતળ નીમ કરવા તેમજ ઓછુ ગામતળ હોય તો તેમાં વધારો કરવા માટેની કવાયત તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે રાજ્યના મહેસુલ વિભાગ દ્વારા ૧૦૦ દિવસના સંકલ્પ અંતર્ગત ગામતળ નીમ કરવાનો પણ સંકલ્પ લેવામાં આવ્યો છે.

જિલ્લામાં ગામતળ નહિ હોવા અંગે ચારેય તાલુકામાંથી વિગતવાર દરખાસ્તો મેળવવા સહિતની કવાયત તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. સરપંચ, ટી.ડી.ઓ. તેમજ મામલતદાર ત્રણેયને સુયોગ્ય સંકલન સાથે આ દરખાસ્તો તૈયાર કરીને મોકલી આપવા જણાવવામાં આવ્યુ છે.

દિપાવલી પછી ઓફિસો ખુલતા આ કામગીરીને એક મિશન મોડના રૂપમાં હાથ ધરવામાં આવશે તેમ જાણવા મળેલ છે. જિલ્લામાં કેટલાક ગામોમાં ગામતળની જગ્યાઓ પર થયેલા દબાણોને હટાવી અને તે જગ્યા ખુલ્લી કરવાની સૂચનાઓ પણ આપવામાં આવી છે. આવા દબાણોને દૂર કરવાને કારણે ઘણી બધી જગ્યાએ જમીનો ઉપલબ્ધ થશે એટલુ જ નહિ ગામતળ જે નીમ કરવાની દરખાસ્તો આવશે તેના પર તંત્ર હકારાત્મક અભિગમ સાથે આગળ વધશે તેમ જાણવા મળેલ છે.



રાષ્ટ્રીય એકતાના શપથ - મહાનગરપાલિકા ખાતે રાષ્ટ્રીય એકતા દિનની ઉજવણીના ભાગરૂપે પદાધિકારીઓ અને અધિકારીઓએ સમુહમાં રાષ્ટ્રીય એકતાના શપથ ગ્રહણ કર્યા હતા... મેયર હિતેશ મકવાણાએ સૌને શપથ લેવડાવ્યા હતા... આ સમયે ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જશુભાઈ પટેલ, કમિશનર ડૉ. ધવલ પટેલ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દિવાળી ટાણે નવા સેકટરોમાં પાણીનો ફોર્સ ઘટતા સ્થાનિકોમાં આક્રોશ

**આજે સપ્લાય ઓછો આવતા બપોર સુધી કેટલાક ઘરોમાં ટાંકી ખાલી થઇ ગઇ હોવાની ફરિયાદો વચ્ચે ટેન્કર બોલાવાની ફરજ પડી**

ગાંધીનગર, તા.૩૦

શહેરમાં એકબાજુ ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી લાઇન નાંખવાનુ કામ શરૂ કરાયુ છે બીજીતરફ સેકટરોમાં દાયકાઓ જુની પાણી વિતરણ વ્યવસ્થાના લીધે ફોર્સથી પાણી ન આવતુ હોવાનો આક્રોશ પણ પ્રબળ બની રહ્યો છે. આજે નવા સેકટરોમાં સવારે પાણી ફોર્સથી ન આવ્યુ હોવાની પોકાર ઉઠવા પામી હતી. દિવાળી ટાંણે ઘર સફાઇના લીધે આમ પણ પાણીનો વપરાશ વધી જાય છે. ત્યારે સે-૩ સી ના કેટલાક વિસ્તારમાં પાણીની ટાંકી પણ પુરતી ભરાઇ ન હતી જેના લીધે સ્થાનિકોએ ટેન્કર બોલાવાની ફરજ પડી હતી.

શહેરના નવા સેકટરોમાં દિવાળી ટાંણે પાણીની પોકાર ઉઠવા પામી છે. દિવાળીના તહેવાર દરમિયાન આમ પણ પાણીનો વપરાશ વધુ થાય છે. ગૃહીણીઓ ઘર સફાઈથી માંડીને નવા કામો કરવામાં વ્યસ્ત હોય છે જેના લીધે પાણીનો ઉપયોગ વધુ થાય છે જો કે ઠંડીના દિવસો શરૂ થઈ ગયા છે જેના લીધે આડા દિવસોમાં શહેરમાં થતા માથાદીઠ વપરાશમાં આંશિક ઘટાડો થાય છે. શહેરમાં એકબાજુ સ્માર્ટ સીટી

● અનુસંધાન પાન-૭ પર

# સ્માર્ટ સીટી અન્વયે જુના સેકટરોમાં પાણીની લાઈન બદલવાનુ ૩૦ ટકા કામ સંપન્ન

**શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી લાઇન નાંખવાનુ કામ હજુ મંદ ગતિએ : સ્ટીલ સહીતના બિલ્ડીંગ મટિરીયલ્સના ભાવ વધારાને લીધે પણ કામગીરી પ્રભાવિત : જુના સેકટરોમાં મુખ્ય લાઇન બદલવા માટે ૩૦ ટકા કામ થયુ : દિવાળી બાદ કામમાં ઝડપ આવશે**

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે સેકટરોમાં નવી પાણીની લાઈન નાંખવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. શહેરમાં દાયકાઓ જુની પાણીની લાઈન બદલીને વિતરણ વ્યવસ્થાને અપગ્રેડ કરવાની યોજના પાછળ કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. આ યોજના અન્વયે અત્યાર સુધી જુના સેકટરોમાં મુખ્ય લાઈન બદલવાનુ ૩૦ ટકા જેટલુ કામ પુર્ણ થઈ ગયુ છે. જો કે આ કામગીરી પુર્ણ થતા હજુ દોઢ વર્ષ જેટલો સમય લાગશે કોરોના કાળમાં આ કામ શરૂ કરવામાં આમ પણ વિલંબ થયો છે. જયારે હાલ બિલ્ડીંગ મટિરીયલ્સના ભાવ વધારાની આડઅસરથી પ્રભાવિત આ યોજનાનુ કામ પણ મંદ થઈ ગયુ છે.

શહેરમાં સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે આયોજન કરાયુ છે.જેના લીધે નગરના પ્રત્યેક ઘરોમાં ૨૪ કલાક પાણી આવે તે પ્રકારની સુવિધા આપવા માટે સેકટરોમાં પાઈપલાઈનનુ કામ હાથ ધરવામાં અવ્યુ છે. હાલ નગરના જુના સેકટરોમાં

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં દહેગામ-માણસા અને ગાંધીનગરમાં ટેકાના ભાવે મગફળી ખરીદાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં લાભપાંચમથી મગફળીની ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવશે. આ ખરીદી માટે ૩ કેન્દ્રો નિયત કરવામાં આવ્યા છે. દહેગામ, ગાંધીનગર અને માણસા ખાતે આ કેન્દ્રો શરૂ કરવામાં આવશે.

જિલ્લામાં મગફળીનું વેચાણ કરવા માટે ૧૬૦૦ થી વધુ ખેડૂતોએ અત્યાર સુધી રજીસ્ટ્રેશન કરાવ્યુ છે. આ રજીસ્ટ્રેશન માટે ૩૧મી ઓક્ટો.નો દિવસ છેલ્લો છે.

જિલ્લામાં આ વખતે ૧૩ હજાર હેક્ટરમાં વિક્રમી વાવેતર મગફળીનું થયુ છે. જિલ્લામાં આ વખતે માર્કેટયાર્ડોમાં પણ મગફળીની આવક હજુ એટલી જણાઈ નથી. દિપાવલી પછી આવક થશે. જો કે ખુલ્લા બજારમાં પણ મગફળી-૨૪ના ભાવ સારા મળી રહ્યા છે.

જિલ્લામાં આ વખતે ચોમાસા દરમ્યાન વરસાદની ઘટ ૨૯ ટકા જેટલી રહી હોવા છતાં સારૂ ઉત્પાદન મગફળીમાં નોંધાશે તેવી શક્યતા છે. જિલ્લાના આ ત્રણેય કેન્દ્રો પર ટેકાના ભાવે ખરીદી કરવાની કામગીરી એસ.એમ.એસ. ખેડૂતોને મોકલી કરવામાં આવશે. તંત્ર દ્વારા ટેકાના ભાવે ખરીદી માટેની તૈયારીઓ અને આ અંગેના જરૂરી હુકમો આજે મોડી સાંજે કરી દેવામાં આવ્યા છે.

# રાજ્યમાં કોરોનાના કેસમાં ચિંતાજનક વધારો : નવા ૩૧


**અત્યાર સુધીમાં કુલ ૮,૧૬,૨૬૦ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે : રિકવરી રેટ પણ ૯૮.૭૫ ટકા**

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતમાં આજે કોરોનાના આંકડા આંખ ઉઘાડનારા આવ્યા છે. આજે કોરોનાના નવા ૩૧ કેસ સામે આવ્યા છે. તો બીજી તરફ ૧૪ દર્દીઓ સાજા પણ થયા. અત્યાર સુધીમાં કુલ ૮,૧૬,૨૬૦ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જેના પગલે કોરોનાનો ગુજરાતનો રિકવરી રેટ પણ ૯૮.૭૫ ટકાએ પહોંચ્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજના દિવસમાં કુલ ૩,૬૪,૧૯૯ ડોઝ એક જ દિવસમાં આપવામાં આવ્યા હતા. એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૨૦૮ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૫ નાગરિકો વેન્ટીલેટર પર છે. ૨૦૩ નાગરિકો સ્ટેબલ છે. ૮,૧૬,૨૬૦ નાગરિકોને અત્યાર સુધીમાં ડિસ્ચાર્જ થઈ ચુક્યા છે. ૧૦૦૮૯ નાગરિકોનાં અત્યાર સુધીમાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે. સુરતમાં એક નાગરિકનું આજે કોરોનાને કારણે મોત નિપજ્યું હતું. જામનગર કોર્પોરેશનમાં ૫, વડોદરા કોર્પોરેશન ૫, વલસાડમાં ૪, સુરત ૩, સુરત કોર્પોરેશન ૩, અમદાવાદ કોર્પોરેશન, આણંદ, જુનાગઢ, કચ્છ અને રાજકોટ કોર્પોરેશનમાં ૨-૨ કેસ નોંધાયા હતા. જ્યારે નવસારીમાં ૧ કેસ નોંધાયો હતો. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર્સ પૈકી ૯ ને પ્રથમ ડોઝ, ૧૫૪૦ ને બીજો ડોઝ આપવામાં આવ્યા હતા. ૪૫ વર્ષથી વધારેની ઉંમરના ૧૧૯૨૫ નાગરિકોને રસીનો પ્રથમ અને ૮૬૫૩૦ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૮-૪૫ વર્ષના ૩૫૨૦૩ નાગરિકોને રસીનો પ્રથમ જ્યારે ૨૨૮૯૯૨ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો હતો.

# દિવાળીને ઉજવવા શહેરીજનોમાં ઉમંગ પરંતુ શહેરની સ્થિતિ નિરાશાજનક..!!

**શહેરમાં જાહેર સાફ-સફાઈમાં બેદરકારી ઉડીને આંખે વળગે છે : અનેક રોડ-રસ્તા બિસ્માર અને ફૂટપાથો તુટેલી : ચોમાસા બાદ ઉગી નીકળેલાં ઝાંડી-ઝાંખરા શહેરની સુંદરતાને બટ્ટો લગાડે છે : ખાડા-ભૂવા પણ જેમના તેમ**







ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરના શહેરીજનો આશરે પોણા બે વર્ષના કોરોના મહામારીના કપરા કાળ પછી આ વર્ષે દિવાળીના પર્વને હર્ષોલ્લાસથી આવકારવા અને બમણાં જોશથી ઉજવવા આતુર બન્યાં છે જેનુ કારણ શહેરમાં અસરકારક રસીકરણ અભિયાન બાદ કોરોના પોઝીટીવ કેસોની સંખ્યા ઘણા સમયથી નહીંવત સ્થિતિમાં આવી ગઈ હોવાનું છે. એક તરફ શહેરીજનો દિપાવલીના આ શુભ પર્વે નિરાશા ખંખેરીને પોતાના ઘર-ઓફિસ-દુકાનો વગેરેની સાફ-સફાઈ સાથે ભવ્ય ઉજવણીની તૈયારીઓ કરી રહ્યાં છે ત્યારે બીજી તરફ શહેરમાં ચોતરફ ચોમાસાની ઋતુ પછી પ્રસરેલી ગંદકી તેમજ અનેક જાહેર ઠેકાણે સાફ-સફાઈમાં બેદરકારીના કારણે ખડકાયેલા કચરાના ઢગલાં છેક ઢૂકડી આવી પહોંચેલી દિવાળીના તહેવારમાં ઝાંખપ ઉભી કરી રહ્યાં હોય તેવું પ્રતિત થઈ રહ્યું છે.

દિવાળીનું પર્વ એટલે નવપલ્લવિત થવાનું પર્વ, નવા સાજ-શણગાર સજવાનું પર્વ, નવા ક્લેવર ધારણ કરવાનું પર્વ, પરંતુ ગાંધીનગર શહેરમાં જો આંટો મારીએ તો લાગે છે કે શહેર જાણે આ શુભ પર્વને આવકારવામાં ઉદાસીન છે કેમ કે શહેરમાં દિવાળી પૂર્વે જે અસરકારક રીતે જાહેર સફા-સફાઈ થવી જોઈએ તેનો અભાવ વર્તાઈ રહ્યો છે. શહેરના જાહેર માર્ગોની વચ્ચેના સેન્ટ્રલ વર્જ હોય કે આજુબાજુનો વિસ્તાર હોય અથવા શહેરના સેક્ટરોમાં આંતરિક રીંગ રોડની આસપાસ અને ખુલ્લાં કોમન પ્લોટ તેમજ જાહેર ચોક હોય પણ મોટાભાગના સ્થળે સાફ-સફાઈમાં બેદરકારી ઉડીને આંખે વળગે છે. શહેરમાં અનેક ઠેકાણે ફૂટપાથ તુટેલી છે, ગટરલાઈન કે વરસાદી પાણીના નિકાલની લાઈન વગેરે માટે ખોદકામ કરવામાં આવ્યું હોય ત્યાં અપૂરતા પૂરણથી પડેલા ભૂવા-ખાડા છે, શહેરના કેટલાંક માર્ગોની સ્થિતિ દયાજનક છે. જેમ કે પ્રેસ સર્કલથી પેથાપુર તરફનો રોડ ભયંકર બિસ્માર

● અનુસંધાન પાન-૭ પર

# પાટનગર યોજનામાં ગ્રાન્ટના અભાવે કોન્ટ્રાકટરોના કરોડોના બીલ અટવાયા

**દિવાળીના તહેવાર ટાંણે મેનપાવરને ચુકવવા કોન્ટ્રાકટરો પાસે પૈસા નથી : સરકાસ સમયસર ગ્રાન્ટ રીલીઝ કરે તેવી પ્રબળ માંગ**

ગાંધીનગર તા ૩૦

શહેરમાં માળખાગત સુવિધાના કામો કરતા તંત્રની હાલત કફોડી બની છે. પાટનગર યોજના ભવનમાં ગ્રાન્ટના અભાવે કોન્ટ્રાકટરોને બીલોની ચુકવણી હજુ સુધી ન થતા આક્રોશ પ્રવર્તયો છે. વિવિધ કામ સંભાળતી એજન્સીને સમયસર બીલની ચુકવણી ન થતા દિવાળીના તહેવાર ટાંણે મેનપાવરને પણ પૈસા ચુકવી શકાતા ન હોવાનો કકળાટ કોન્ટ્રાકટરોમાં પ્રબળ બન્યો છે. અધિકારીઓ પણ ગ્રાન્ટ આવી નથીનુ રટણ કરતા કોન્ટ્રાકટરો તેમના ફોન પણ સ્વીચ ઓફ કરી દેવા પડે તેવી સ્થિતિ સર્જાઇ હોવાનો આક્રોશ ઠાલવી રહ્યા છે.

શહેરમાં પાણી ગટર રસ્તા અને સ્ટ્રીટ લાઈટ સહીતની માળખાગત સુવિધાઓ પુરી પાડવા માટે કાર્યરત પાટનગર યોજના ભવનમાં છેલ્લા એક સપ્તાહથી ગ્રાન્ટના નામે મોટો કકળાટ ઉભો થયો છે. દિવાળીના તહેવાર ટાંણે ગ્રાન્ટ હજુ સુધી ગ્રાન્ટ ન મળતા આખુ વર્ષ કામ કરતી એજન્સીઓમાં બુમરાણ ઉભી થઈ છે. આ સ્થિતિ વચ્ચે એજન્સીઓ પણ નાના માણસોને તહેવાર ટાંણે ચુકવણા કરવામાં લાચારી અનુભવે છે. દિવાળીના તહેવારમાં પણ સમયસર ગ્રાન્ટ ન આવતા કોન્ટ્રાકટરોમાં પણ આક્રોશ પ્રવર્તયો છે. જેના લીધે કોન્ટ્રાકટરોના બીલની ચુકવણી પણ અટવાઈ છે. પાટનગર યોજના ભવન કક્ષાએથી શહેરમાં હાથ ધરાતા વિવિધ કામોને અનુલક્ષી ટેન્ડર પધ્ધતિના આધારે સંબંધિત એજન્સીને કામ સોંપવામાં આવે છે. જયારે એજન્સીને હોળી ધુળેટી પર્વ દરમિયાન પણ મજુર વર્ગને ચુકવાણા કરવાના થાય છે. આ ઉપરાંત દિવાળી જેવા તહેવારમાં પણ મેનપાવરને બીલની ચુકવણી સમયસર થાય તેનો ખ્યાલ રાખવો પડે છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી દિવાળી ટાંણે ગ્રાન્ટનો કકળાટ ઉદભવતા કોન્ટ્રાકટરોમાં રોષ પ્રવર્તે છે. હાલની સ્થિતિએ પાટનગર યોજના ભવનના કોન્ટ્રાકટરો સરકાર કક્ષાએથી ક્યારે ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે તેની વાટે છે. ગ્રાન્ટના અભાવે તેમના કરોડોની રકમના બીલના ચુકવણા બાકી છે. જેના લીધે એજન્સીમાં કામ કરતા મેનપાવરને પણ પૈસાની ચુકવણી કરવાનુ મુશ્કેલ બન્યુ છે. છેલ્લા એક સપ્તાહથી ગ્રાન્ટના અભાવે જવાબદાર એજન્સીઓને બીલ ચુકવી શકાયા નથી કોન્ટ્રાકટરોના જણાંવ્યા મુજબ લાંબા

● અનુસંધાન પાન-૭ પર


**જાહેરાત**

ક્લીન એગ્રો ફર્ટિલાઈઝર એન્ડ કેમિકલ પ્રાઈવેટ લિમિટેડ કંપનીના નીચે મુજબના ઉલ્લેખ કરેલ પાણીમાં સંપૂર્ણપણે વિદ્રાવ્ય મિશ્ર ખાતરના (100% WATER SOLUBLE MIXTURE OF FERILIZER) મેન્યુફેક્ચર કરીને ગુજરાત રાજ્યમાં વેચાણ કરવાના છીએ. N.P.K. 10:15:10, સાથે Zn-5%, S-5%, Fe-2.00% Mn - 2.00%, Cu - 2.00 %, B - 1.00%, ઉપરના ઉત્પાદનોની ગુણવત્તા THE FERTILIZER (CONTROL) ORDER 1985 મુજબ NOTIFICATION NO. S.O. 4120 (E) DT. 30/12/2017 મુજબ રહેશે.

CLEAN AGRO FERTILIZER AND CHEMICAL PRIVATE LIMITED
CIN : U24120GJ2010PTC063068
Plot No. 148/1, Nr. Khushbu Plywood,
Opp. Golden Industrial Estate,
CHHATRAL-KADI Road,
DHANOT, KALOL-382729
Cont. 02764 233999

**પરંપરા ફાર્મ એન્ડ પાર્ટી પ્લોટ**
ક-૭ સર્કલથી રાંધેજા ચોકડી પહેલા, ટાટા મોટર્સની સામે, ગાંધીનગર
પાર્ટી પ્લોટ, રૂમો, ડેકોરેશન સાથે
૩૦૦૦ વ્યક્તિનાં ફંકશનની ઈવેન્ટ માટે
સંપર્ક : શ્રી રાવલ મંડપ ડેકોરેશન કેટરર્સ
Mo. 7359800880, 9824267535, 9427487999

**શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ભવન**
શ્રી સોમનાથ મહાદેવજી મંદિર, સે.૧૬, ગાંધીનગર
AC હોલ, રૂમો, ઓપન ગ્રાઉન્ડ, ડેકોરેશન, કેટરીંગ, લાઈટીંગ સાથે ૧૦૦૦ વ્યક્તિનાં ફંકશનનું પેકેજ ઉપલબ્ધ
સંપર્ક : શ્રી રાવલ મંડપ ડેકોરેશન કેટરર્સ
Mo. 9824513595, 9409146143

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com